# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 22-01-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર યશવી મહેતા વાંચે છે.

****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બેટી બચાઓ બેટી પઢાઓ અભિયાનની દસમી વર્ષગાંઠે જણાવ્યું આ અભિયાનમાં સમાજના દરેક વર્ગોની ભાગીદારી રહી છે.

2) કેન્દ્રીય મંત્રી અન્નપૂર્ણા દેવીએ આ અભિયાનને સૂત્ર નહીં પણસમાજને જાગૃત કરવાનો સંકલ્પ ગણાવ્યો

3) મહારાષ્ટ્ર સરકારે દાવોસ ખાતે વિશ્વ આર્થિક મંચનાં શિખર સંમેલનમાં સવા છ લાખ કરોડ રૂપિયાની રોકાણ દરખાસ્તો સાથેનાં 31 સમજૂતિપત્ર પર હસ્તાક્ષર કર્યા

4) તુર્કીયેની હોટેલમાં લાગેલી આગમાં 76 લોકોનાં મોત નીપજ્યા

**5)** ભારત અને ઇંગલેન્ડ વચ્ચેની ટી 20 ક્રિકેટ શ્રેણીની પ્રથમ મેચ આજે સાંજે કોલકતાના ઇડન ગાર્ડન્સ ખાતે રમાશે

.................................................................................

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM-BETI-BACHAO-BETI-PADHAO

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ બેટી બચાઓ બેટી પઢાઓ અભિયાનના 10 વર્ષ પૂર્ણ થવાના અવસર પર કહ્યું કે, આ અભિયાનમાં સમાજના દરેક વર્ગોની ભાગીદારી રહી છે. શ્રી મોદીએ કહ્યું કે, આ અભિયાન થી સ્ત્રી પુરુષ વચ્ચેનો ભેદ દૂર થયો છે, તેમજ દીકરીઓના શિક્ષણ અને ભવિષ્ય માટે અનુકૂળ વાતાવરણ તૈયાર થયું છે. પ્રધાનમંત્રીશ્રીએ  ઉમેર્યું કે, આ અભિયાનથી એ જિલ્લામાં પણ છોકરા અને છોકરી વચ્ચેના ભેદભાવમાં સુધાર આવ્યો છે કે જ્યાં પરંપરા અનુસાર ખૂબ ભેદ રહેતો હતો.

આ અભિયાન થકી સ્ત્રી પુરુષ સમાનતા તરફ લોકોનું ધ્યાન આકર્ષિત થયું છે. શ્રી મોદીએ લોકોને દીકરીઓના અધિકારોનું રક્ષણ કરવા અને તેમના શિક્ષણની ખાતરી કરવા અપીલ કરી જેથી દીકરીઓ કોઈપણ ભેદભાવ વિના પ્રગતિ કરી શકે.

# BETI BACHAO ANNAPURNA DEVI

કેન્દ્રીય મહિલા અને બાળવિકાસ મંત્રી અન્નપૂર્ણા દેવીએ જણાવ્યું કે, "બેટી બચાવો બેટી પઢાઓ અભિયાન માત્ર સૂત્ર નહીં, પરંતુ સમાજને જાગૃત કરવાનો એક સંકલ્પ છે. "આ અભિયાને સફળતાપૂર્વક 10 વર્ષ પૂર્ણ કર્યા છે. શ્રીમતી દેવીએ કહ્યું, આ અભિયાન થકી દીકરીઓને સમાજમાં સમાનતા, અધિકારી, તેમના શિક્ષણ, સલામતી યોગ્ય રીતે થઈ શકે તે હેતુ છે.

સમાજમાં ગત 10 વર્ષમાં આ અભિયાન અંતર્ગત અનેક પરિવર્તન આવ્યા છે. એટલું જ નહીં, "બેટી બચાવો બેટી પઢાઓ અભિયાન અંતર્ગત દીકરીઓને અનેક ક્ષેત્રમાં નવી તક મળી રહી છે.

**(બાઈટઃ અન્નપૂર્ણા દેવી, કેન્દ્રીય મહિલા અને બાળવિકાસ મંત્રી)**

# DELHI CAMPAIGNING

દિલ્હી વિધાનસભા ચૂંટણીને ધ્યાને રાખી તમામ રાજકીય પક્ષ પૂરજોશમાં પ્રચાર કરી રહ્યા છે. ભાજપના વરિષ્ઠ નેતા અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે ભારતીય જનતા પાર્ટીના બૂથસ્તરના કાર્યકર્તાઓ સાથે નમો એપ્લિકેશનના માધ્યમથી બપોરે મેરા બૂથ સબસે મજબૂત કાર્યક્રમ અંતર્ગત સંવાદ કરશે. પક્ષના સાંસદો, ધારાસભ્યો, પરિષદ સભ્યો, પદાધિકારીઓ પણ બૂથસ્તરના કાર્યકર્તાઓ સાથે આ કાર્યક્રમમાં જોડાશે.

આ તરફ કૉંગ્રેસ નેતા રાહુલ ગાંધી સદરબજાર વિધાનસભા મતવિસ્તારના ઈન્દ્રલોક વિસ્તારમાં જાહેર સભાને સંબોધશે.

# MUMBAI-SEBI

ગ્રે માર્કેટ ટ્રેડિંગને રોકવાના ઉદ્દેશ્ય સાથે, સિક્યોરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા - સેબી એક એવી સિસ્ટમ લાવવાની યોજના બનાવી રહી છે જ્યાં રોકાણકારો ઈનિશિયલ પબ્લિક ઓફરિંગમાં ફાળવણી થતાં જ શેર વેચી શકે.

મુંબઈમાં એસોસિએશન ઓફ ઈન્વેસ્ટમેન્ટ બેન્કર્સ ઓફ ઈન્ડિયા – AIBI દ્વારા આયોજિત એક કાર્યક્રમને સંબોધતા, ગઇકાલે સેબીના અધ્યક્ષા માધવી પુરી બુચે જણાવ્યું હતું કે, જો રોકાણકારો ફાળવણી અથવા પ્રી-લિસ્ટિંગ પછી તરત જ તેમના શેર વેચવા માંગતા હોય, તો તેમને યોગ્ય રીતે અને નિયમનકારી રીતે તે તક આપવી યોગ્ય છે. તેમણે ઉમેર્યું હતું કે, "જ્યારે સૂચિબદ્ધ" સુવિધા સ્થાપિત કરવા માટે હાલમાં બે સ્ટોક એક્સચેન્જ સાથે ચર્ચા ચાલી રહી છે જ્યાં ફાળવણી અને લિસ્ટિંગ વચ્ચેના 3  દિવસ દરમિયાન શેરનો વેપાર કરી શકાય છે.

સેબી એક પ્રમાણભૂત IPO ટેમ્પ્લેટ વિકસાવવા પર કામ કરી રહ્યું છે. શ્રીમતી બુચે જણાવ્યું હતું કે, નિયમનકારે IPO દસ્તાવેજોની સમીક્ષા કરવા માટે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સનો ઉપયોગ કરવાનું શરૂ કર્યું છે.

# MAHA GOVT SIGNS MOUS AT DAVOS

મહારાષ્ટ્ર સરકારે દાવોસ ખાતે વિશ્વ આર્થિક મંચનાં શિખર સંમેલનમાં સ્ટીલ, ધાતુ, નવીનીકરણીય ઉર્જા, માળખાગત સુવિધા, સિમેન્ટ, લિથિયમ-આયન બેટરી અને સૌર મોડ્યુલના ક્ષેત્રમાં સવા છ લાખ કરોડ રૂપિયાના રોકાણ દરખાસ્તો સાથેનાં 31 સમજૂતિપત્ર પર હસ્તાક્ષર કર્યા છે.

મંગળવારે મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ અને વરિષ્ઠ સરકારી અધિકારીઓની હાજરીમાં સમજૂતિપત્રો પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. મુખ્યમંત્રી ફડણવીસે કહ્યું કે, " હસ્તાક્ષર કરાયેલા સમજૂતિપત્રોથી મહારાષ્ટ્રના વ્યાપક વિકાસ અને વિકાસ માટે માર્ગ મોકળો થશે." તેમણે વધુમાં જણાવ્યું કે, એક જ દિવસમાં આટલી મોટી રોકાણ રકમ મેળવવાનો આ એક નવો રેકોર્ડ છે.

# VAISHNAW – DAVOS

રેલવેમંત્રી અશ્વિની વૈષ્ણવે આજે દાવોસમાં સ્વિસ ફેડરલ રેલવેના પ્રતિનિધિ મંડળ સાથે મુલાકાત કરી. આ દરમિયાન તેમણે સુરક્ષા ટેકનોલોજી અને તેની જાળવણી વિશે વિગતવાર ચર્ચા કરી. અગાઉ શ્રી વૈષ્ણવે સ્વિટ્ઝર્લૅન્ડના સેન્ટ માર્ગ્રેથેન ખાતે સ્ટેડલર રેલના રેલ કોચ ઉત્પાદન પ્લાન્ટની પણ મુલાકાત લીધી હતી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# RAM-MANDIR 1ST ANNIVERSARY

રામ મંદિરમાં આજે રામ લલ્લાની પ્રાણ પ્રતિષ્ઠાની પ્રથમ વર્ષગાંઠ હોવાથી અયોધ્યામાં ભક્તિસભર વાતાવરણમાં ઉજવણી કરવામાં આવી રહી છે. હાડ થીજાવતી ઠંડી હોવા છતાં દેશભરમાંથી ભક્તો ઉમટી રહ્યા છે. આ વર્ષે 11 જાન્યુઆરીના રોજ જયંતિની ઉજવણીના કાર્યક્રમો યોજાયા હતા. લાખો લોકોની એકતા અને શ્રદ્ધાને ઉજાગર કરતી વર્ષગાંઠની ઉજવણી ઉત્સાહ અને ભક્તિ સાથે શરૂ થઈ છે.

ઉલ્લેખનીય છે કે, ગયા વર્ષે 22 જાન્યુઆરીના યોજાયેલા આ ઐતિહાસિક કાર્યક્રમમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મુખ્ય ધાર્મિક વિધિઓ કરી, સદીઓ જૂના સ્વપ્નને વાસ્તવિકતામાં ફેરવ્યું હતું.

# PASWAN-DAVOS

ખાદ્ય પ્રસંસ્કરણ ઉદ્યોગ મંત્રી ચિરાગ પાસવાને જણાવ્યું કે, પીણા કંપની એબી ઇનબેવે ભારતના વિવિધ ભાગોમાં 25 કરોડ ડોલરના રોકાણની જાહેરાત કરી છે. જે 2 થી 3 વર્ષમાં પૂર્ણ થશે.

શ્રી પાસવાને દાવોસમાં વિશ્વ આર્થિક મંચની બેઠક દરમિયાન કંપની સાથે બેઠક યોજી હતી. તેમણે કહ્યું કે, આ ભારતના ખાદ્ય પ્રક્રિયા ઉદ્યોગમાં વધુ એક ઐતિહાસિક પગલું છે અને તે રોજગાર સર્જન અને આર્થિક પ્રગતિમાં એક નવો અધ્યાય લખશે. તેમણએ કહ્યું કે, આ રોકાણ ભારતમાં વધતી જતી તકો અને વૈશ્વિક કંપનીઓના વિશ્વાસનું પ્રતીક છે.

# KARNATAKA: 14 KILLED

કર્ણાટકના કારવાર અને રાઇચુર જિલ્લામાં બે અલગ અલગ અકસ્માતોમાં ત્રણ વિદ્યાર્થી સહિત 14 વ્યક્તિનાં મૃત્યુ થયા છે. ગઈકાલે નેશનલ હાઇવે 63 પર એક ટ્રક ઉથલી પડતા 10 વ્યક્તિનાં મૃત્યુ થયા હતા અને 15ને ઇજા થઈ હતી. પ્રાથમિક તપાસ પ્રમાણે ડ્રાઇવરે વાહન પરનો કાબુ ગુમાવતા અકસ્માત સર્જાયો હતો.

અન્ય એક ઘટનામાં રાયચુર જિલ્લામાં એક વાહન ઉથલી પડતાં ત્રણ વિદ્યાર્થી સહિત ચાર વ્યક્તિનાં ઘટના સ્થળે મૃત્યુ થયા હતા.

# TURKIYE AAG

ઉત્તર-પશ્ચિમ તુર્કીયેના સ્કી રિસૉર્ટની એક હૉટેલમાં ગઈકાલે સર્જાયેલી આગ દુર્ઘટનામાં ઓછામાં ઓછા 76 લોકોના મોત નીપજ્યા છે. જ્યારે 51 લોકો ઈજાગ્રસ્ત થયાના અહેવાલ છે. અધિકારીઓએ હૉટેલમાંથી અંદાજે 230 લોકોને સલામત રીતે બચાવ્યા છે.

તુર્કીયેના ન્યાય મંત્રી યિલમાઝ તુનકે આગ ઘટનાની તપાસનું નેતૃત્વ કરવા માટે છ સરકારી વકીલોની નિયુક્તિ કરી છે. તપાસ અંતર્ગત નવ લોકોને જપ્તમાં લેવામાં આવ્યા છે, જેમાં હૉટેલના માલિક પણ સામેલ છે.

# J&K-RD PREPARATIONS

જમ્મુ-કાશ્મીરના, કાશ્મીર ડિવિઝનમાં પ્રજાસત્તાક દિવસની ઉજવણી પહેલા સુરક્ષા એજન્સીઓ અને વિભાગીય વહીવટીતંત્રે સમગ્ર કાશ્મીર ક્ષેત્રમાં શાંતિપૂર્ણ ઉજવણી સુનિશ્ચિત કરવા માટે મજબૂત વ્યવસ્થા કરી છે. શ્રીનગરમાં પત્રકારો સાથે વાત કરતા, કાશ્મીર ઝોનના પોલીસ મહાનિરીક્ષક વી કે બિરદીએ જણાવ્યું કે, સમગ્ર રાજ્યમાં પ્રજાસત્તાક દિવસની ઉજવણી શાંતિપૂર્ણ, રીતે યોજવા માટે પૂરતી સંપૂર્ણ વ્યવસ્થા કરવામાં આવી છે.

શ્રીનગરમાં, મુખ્ય પ્રજાસત્તાક દિવસ સમારોહ બક્ષી સ્ટેડિયમ ખાતે યોજાશે.

# INDIA ENGLAND CRICKET T 20

ક્રિકેટમાં, ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચેની પાંચ મેચોની ટી 20 શ્રેણીની પ્રથમ મેચ આજે સાંજે કોલકતાના ઇડન ગાર્ડન્સ ખાતે રમાશે. મેચ સાંજે સાત વાગે શરૂ થશે.

ઓસ્ટ્રેલિયામાં બોર્ડર-ગાવસ્કર ટ્રોફીની શ્રેણીમાં કારમા પરાજય બાદ ભારતે વ્હાઇટ-બોલ ફોર્મેટ પર ધ્યાન કેન્દ્રીત કર્યું છે, જેમાં ઈંગ્લેન્ડ સામે પાંચ ટી 20 અને ત્રણ એક દિવસની આંતરરાષ્ટ્રીય મેચ રમવામાં આવશે.

સૂર્યકુમાર યાદવના નેતૃત્વ હેઠળની ટીમમાં મોહમ્મદ શમીનું પુનરાગમન થયું છે. શમી છેલ્લે નવેમ્બર 2023માં ઓસ્ટ્રેલિયા સામે વર્લ્ડકપની ફાઇનલ મેચમાં રમ્યા હતા.

બીજી બાજુ, પેસ બોલર માર્ક વુડ ગયા ઓગસ્ટ મહિના બાદ ઈંગ્લેન્ડ માં પુનરાગમન કરી રહ્યા છે. શ્રેણીની બાકીની મેચો ચેન્નાઇ, રાજકોટ, પૂણે અને મુંબઇમાં રમાશે.

ફાઇનલ મેચ મુંબઇમાં બીજી ફેબ્રુઆરીએ રમાશે. ટી-20 શ્રેણી બાદ 6 ફેબ્રુઆરીથી ત્રણે મેચોની વન-ડે શ્રેણી રમાશે.